M&B ENGINEERING
M&B Engineering Ltd.
**Registered Office:** 'MB House', 51, Chandroday Society, Stadium Road, Naranpura, Ahmedabad - 380 014, Gujarat, India
**CIN:** L45200GJ1981PLC004437 | **T:** +91 79 2640 5563/ 2646 1314 | **E:** info@mbphenix.com / info@mbproflex.com

12th November, 2025

| To, | To |
|---|---|
| **National Stock Exchange of India Limited**<br>Exchange Plaza,<br>Bandra Kurla Complex,<br>Bandra (East),<br>Mumbai – 400051<br><br>**Symbol: MBEL** | **BSE Limited**<br>Phiroze Jeejeebhoy Towers,<br>Dalal Street,<br>Mumbai – 400 001<br><br>**Script Code: 544470** |

**Sub: Newspaper Publication – Un-audited Financial Results of the Company pursuant to Regulations 30 and 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir/Madam,

Pursuant to Regulation 30 and 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith copies of Newspaper Publications of the extracts of Un-audited Standalone and Consolidated Financial Results of the Company for quarter & half year ended September 30, 2025, as published, in Business Standard (English Edition) and Jai Hind (Gujarati Edition) on 12th November, 2025.

This intimation is also being uploaded on the website of the Company i.e. https://www.mbel.in/investors

You are requested to take the same on record.

Thanking you,

Yours faithfully,
**for M & B ENGINEERING LIMITED**

PALAK DILIPBHAI PAREKH
Digitally signed by PALAK DILIPBHAI PAREKH
Date: 2025.11.12 13:59:21 +05'30'

**PALAK DILIPBHAI PAREKH**
**COMPANY SECRETARY &**
**COMPLIANCE OFFICER**
**(M. No. F10209)**

### દેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવામાં આવી

# દિલ્હી-મુંબઈ નેશનલ હાઈવે પર સુરક્ષાનો અભેદ્ય કોટ

નવીદિલ્હી ,તા.૧૧

દિલ્હીમાં થયેલા તાજેતરના બ્લાસ્ટની ઘટના બાદ સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવામાં આવી છે. તેના ભાગરૂપે, ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં પણ તંત્ર હાઈ-એલર્ટ મોડ પર છે. દિલ્હી અને મુંબઈને જોડતા વ્યૂહાત્મક રીતે અગત્યના નેશનલ હાઈવે રોડ પર હાલમાં સઘન અને વ્યાપક ચેકિંગ ઝુંબેશ ચાલી રહી છે, જેના કારણે જિલ્લાની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થયો છે. સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતો આ મુખ્ય માર્ગ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવા અનેક રાજ્યોના વાહનોની અવરજવરનું કેન્દ્ર છે. આ સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, જિલ્લા પોલીસ વડાના આદેશથી સુરક્ષા દળોએ કડક પગલાં લીધા છે. ચેકિંગ માત્ર નેશનલ હાઈવે પૂરતું સીમિત નથી, પરંતુ જિલ્લાના તમામ મુખ્ય પ્રવેશદ્વારો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન અને અન્ય જાહેર સ્થળો પર પણ પોલીસ તૈનાત કરવામાં આવી છે.દિલ્હી બ્લાસ્ટની ઘટના બાદ ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા વાહનો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. શંકાસ્પદ વસ્તુઓ કે ગેરકાયદે પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે પોલીસની ટુકડીઓ દિવસ-રાત કાર્યરત છે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ , સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ સહિતની અનેક ટીમોને ચેકિંગ પોઈન્ટ્સ પર ખડકવામાં આવી છે. આ ટીમો ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ દરેક વાહનના દસ્તાવેજો, સામાન અને તેમાં સવાર વ્યક્તિઓની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

**દિલ્હી બ્લાસ્ટની ઘટના બાદ ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા વાહનો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે**

સાબરકાંઠા પોલીસ દ્વારા ગુજરાત-રાજસ્થાન સરહદ પર વિશેષ સતર્કતા વધારવામાં આવી છે. સરહદી વિસ્તારોમાં ચેકપોસ્ટ્સ પર વાહન વ્યવહારનું સઘન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેથી રાજ્યમાં કોઈ અનિચ્છનીય તત્વો પ્રવેશ ન કરી શકે. પોલીસ કર્મીઓ અને ઉચ્ચ અધિકારીઓ પોતે મેદાનમાં ઉતરીને વાહન ચેકિંગની પ્રક્રિયાનું નિરીક્ષણ કરી રહ્યા છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર સુરક્ષા જાળવવાનો નહીં, પણ અસામાજિક તત્વોને આ જિલ્લામાંથી પસાર થતા અટકાવવાનો છે. સુરક્ષાની આ કવાયત સાબરકાંઠાને એક અભેદ્ય ગઢ જેવો અનુભવ આપી રહી છે, જે સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત કરે છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવે છે. જિલ્લા પોલીસની આ સક્રિયતા રાજ્યની આંતરિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.



દિલ્હીમાં લાલકિલ્લા નજીક મેટ્રો સ્ટેશનના ગેટ નં-૧ પાસે એક કારમાં થયેલા શક્તિશાળી વિસ્ફોટ સાથે લાગેલી આગે આસપાસના વાહનોને ઝપટમાં લેતા મૃત્યુ આંક વધીને ૧૨ થયો છે. વિસ્ફોટના સ્થળે સળગી ગયેલા વાહનોને એક કોર્ડન કરેલી જગ્યામાં પડેલા દશ્યમાન થાય છે.

# દિલ્હી બ્લાસ્ટને લઈને પ્રેમાનંદ મહારાજની પરિક્રમા સ્થગિત

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી બ્લાસ્ટ બાદ ઉત્તર પ્રદેશના તમામ જાણીતા તીર્થસ્થળો પર પ્રશાસન એલર્ટ પર છે, જેના પગલે મથુરામાં પણ સુરક્ષા વ્યવસ્થા કડક કરાઈ છે. આથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને, આજે સવારે સંત પ્રેમાનંદ મહારાજની નિયમિત પરિક્રમા સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે.

સંત પ્રેમાનંદ મહારાજ દરરોજ સવારે પદયાત્રા કરે છે, જેમાં હજારો ભક્તો તેમના દર્શન માટે ઉમટે છે. સૂત્રો અનુસાર, આ ભારે ભીડને ધ્યાનમાં રાખીને, સુરક્ષા એજન્સીઓએ મથુરાના તમામ મુખ્ય તીર્થસ્થળો પર એલર્ટ જાહેર કર્યું છે. હાઈ એલર્ટ અને લોકોની સુરક્ષાના કારણોસર, સંત પ્રેમાનંદની આ યાત્રા પણ હાલ પૂરતી રોકી દેવામાં આવી છે.જેના કારણે તેમના ભક્તો નિરાશ થયા છે.સોમવારે સાંજે ૬ વાગ્યા બાદ, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે ઊભેલી એક કારમાં થયેલા બ્લાસ્ટના સમાચાર આવ્યા. આ બ્લાસ્ટમાં ઘણા લોકોના જીવ ગયા અને ઘણા ઘાયલ થયા, જેનાથી માત્ર રાજધાની જ નહીં, પરંતુ સમગ્ર દેશ હચમચી ગયો. ત્યાર બાદ અનુમાન લગાવવામાં આવ્યું કે આ કોઈ સામાન્ય બ્લાસ્ટ નથી, પરંતુ તેના તાર આતંકવાદ સાથે જોડાયેલા હોઈ શકે છે. પરિણામે, વિલંબ કર્યા વિના, દિલ્હી-NCRની તમામ સરહદો સહિત દેશના ઘણા શહેરોને હાઈ એલર્ટ પર મૂકી દેવાયા છે.

### ઈ-કોમર્સમાં નવા ફિલ્ટરના પ્રસ્તાવથી ઓનલાઈન શોપિંગ પારદર્શક બનશે: કેન્દ્ર

# ઈ-કોમર્સ પર વેચાતી વસ્તુઓ પર ઉત્પાદક દેશનું નામ લખવું ફરજિયાત બનશે

નવી દિલ્હી, તા.૧૧

ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર વેચાતી વિવિધ વસ્તુઓ અંગે વિવિધ કેટેગરીમાં માહિતી આપવામાં આવે છે. ગ્રાહકોને પોતાની પસંદગીની વસ્તુ ખરીદવામાં સરળતા રહે તે માટે વિવિધ ફિલ્ટર મૂકવામાં આવે છે. આવા ફિલ્ટરોમાં 'કન્ટ્રી ઓફ ઓરિજિન'ની કેટગરી ફરજિયાત રાખવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારે મૂક્યો છે. ઉત્પાદક દેશના નામને ગ્રાહકો વાંચી શકે તે રીતે અલગથી દર્શાવવાનું રહેશે.કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતોના મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આ ફિલ્ટરના કારણે ગ્રાહકોનું સશક્તિકરણ થશે અને ઓનલાઈન શોપિંગમાં પારદર્શિતા વધશે. આ પ્રસ્તાવિત પગલાથી પારદર્શક, કન્ઝ્યુમર-ફ્રેન્ડલી અને સ્પર્ધાત્મકતાનું નિર્માણ કરવામાં મદદ મળશે. સાથે આ સુધારાથી ઈ-કોમર્સ ઈકોસીસ્ટમમાં સ્પર્ધાત્મકતા વધશે અને તેનાથી રાષ્ટ્રીય પ્રાથમિકતા વધવાની સાથે ડિજિટલ માર્કેટ પ્લેસમાં ગ્રાહકોના વિશ્વાસમાં વધારો થશે. ગ્રાહક બાબતોના વિભાગે

**આ નિર્ણયથી ઉત્પાદક દેશના નામ સાથે ઉત્પાદન શોધવામાં અને સરખામણી કરવામાં ગ્રાહકોને મદદ મળી રહેશે**

ડ્રાફ્ટ લીગલ મીટરોલોજી (પેકેજડ કોમોડિટીસ) (સેકન્ડ) એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૨૫ જારી કર્યા છે, તેમાં ઓનલાઈન વેચાણમાં 'કન્ટ્રી ઓફ ઓરિજિન' ફિલ્ટર ફરજિયાત કરવાનો પ્રસ્તાવ છે. વિભાગની સત્તાવાર વેબસાઈટ પર ડ્રાફ્ટ એમેન્ડમેન્ટ રૂલ્સને પ્રસારિત કરાયા છે. તેના પર નાગરિકોના અભિપ્રાય તથા અન્ય સ્ટેકહોલ્ડર્સલના પ્રતિભાવ ૨૨ નવેમ્બર સુધી રજૂ થઈ શકશે. કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર થયેલા આ સુધારાનો મુખ્ય હેતુ ગ્રાહકોને ખરીદીના વિકલ્પ પસંદ કરતી વખતે પૂરતી માહિતી સાથે નિર્ણય લેવામાં મદદરૂપ થવાનો છે. ઉત્પાદક દેશના નામ સાથે ઉત્પાદન શોધવામાં અને સરખામણી કરવામાં ગ્રાહકોને મદદ મળી રહેશે. તેનાથી પારદર્શિતા વધવાની સાથે ગ્રાહકોને વિશાળ રેન્જમાંથી મર્યાદિત પસંદગી નક્કી કરવામાં સરળતા રહેશે.

# તમિલનાડુમાં ગેસ સિલિન્ડર ભરેલ ટ્રક પલટ્યો: ભયાવહ બ્લાસ્ટ

ચેન્નાઈ,તા.૧૧

તમિલનાડુમાં રસોઈ ગેસના બાટલા ભરેલી ટ્રક પલટી ગયા બાદ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. આ ઘટના મંગળવારે સવારે બની હતી. ટ્રક તિરુચિરાપલ્લીથી અરિયાલુર જઈ રહી હતી એ દરમિયાન વારણવાસી પહોંચતા જ સિલિન્ડરોમાં વિસ્ફોટ થયો અને આગ લાગી હતી. આગ લાગતાં એક સાથે અનેક સિલિન્ડરોના વિસ્ફોટથી નજીકના ગામમાં ગભરાટ ફેલાયો હતો. સિલિન્ડરો ફૂટવાનો અવાજ લગભગ ૨ કિલોમીટરના ઘેરાવામાં સંભળાયો હતો, જેના કારણે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘાયલ ડ્રાઈવર, કનાગરાજ (૩૫), ને અરિયાલુર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તારણો દર્શાવે છે કે ટ્રક ડ્રાઈવરે વળાંક પર કાબુ ગુમાવતા ટ્રક પલટીને રસ્તાની નજીક એક નાળામાં પડી. ડ્રાઈવર કનાગરાજ ટ્રકમાંથી કૂદી ગયો આ દરમિયાન ઘાયલ થયો હતો. વિસ્ફોટ બાદ ટ્રક સંપૂર્ણપણે બળી ગઈ હતી. તંજાવુર અને ત્રિચી જેવા મુખ્ય કેન્દ્રોથી અરિયાલુર જનારા તમામ વાહનોને ડાયવર્ટ કરવામાં આવ્યા છે. અરિયાલુર જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે પહોંચ્યા છે.


## આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ૮૦૨, નટરાજ બાય રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેએન્ડસર એમ. વી. રોડ, અંધેરી (ઈ) મુંબઈ-૪૦૦૦૬૯.
નરોડા શાખાઃત્રીજા માળે, સીટી સેન્ટર આર્કેડ અને હોમ, એસઆરપી કેમ્પ નજીક, ક્રિશ્નનગર-નરોડા રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૫ ગુજ.
અમદાવાદ શાખાઃ ૩૦૧, ત્રીજા માળે, એબીસી-૩, હોટેલ રેજેન્ટા સામે, ગીરીશ કોલ્ડ્રીંગ્સ નજીક, ઉમાશંકર જોશી માર્ગ, સી.જી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ગુજ.

### ઈ-હરાજી - વેચાણ નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લીધા બાદ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણનોટિસ
આથી અત્રે જાહેર જનતાને તથા નીચે જણાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને ખાસ નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગિરવે રાખેલ સ્થાવર મિલકત કે જેનો કબજો આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ લીધો છે તેનું વેચાણ કરભારણની માહિતી વિના 'જયાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તે આધારે કરવામાં આવશે જેની વિગતો નીચે મુજબ છેઃ

| નં. | દેવાદાર(રો)/સહ-દેવાદારો/ જામીનદાર(રો) નું નામ(મો) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતની વિગતો | રિઝર્વ કિંમત (આરપી) | ઈએમડી (આરપીના ૧૦%) | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૧૭૨૦૦૦૦૦૩૬૦/ નરોડા શાખા) અંકિત વાડીલાલ મહુધીયા (દેવાદાર) જીનલબેન અંકિતકુમાર મહુધિયા (સહ દેવાદાર) | 09-09-2024 & ₹ 3,99,890/- | તમામ આવાસીય સંપત્તિ સર્વે નં. ૭૨૫ ૧ બી ૭૨૫ ૨ એ, આકૃતિ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. એ-૪૦૧, આકૃતિ એપાર્ટમેન્ટ ચોથા માળે, વિનાયક પાર્ક પાછળ, આરટીઓ રોડ નજીક, વસ્ત્રાલ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૧૮. સીમાઓઃ પૂર્વેઃ બગીચો, પશ્ચિમેઃ ફ્લેટ નં. એ-૪૦૪, ઉત્તરેઃ બ્લોક નં.એની સીડી, દક્ષિણેઃ ફ્લેટ નં. એ-૪૦૨ | Rs. 9,84,960/- | Rs. 98,496/- | ફિઝિકલ |
| 2 | (લોન કોડ નં. ૦૩૫૦૦૦૦૦૫૩૯/ અમદાવાદ શાખા) ભૂમિકાબેન કિરણકુમાર ભરવાડ (દેવાદાર) કિરણકુમાર જકશીભાઈ ભરવાડ (સહ દેવાદાર) રાજુભાઈ દિલીપભાઈ મિસ્ત્રી (જામીનદાર) | 09-11-2017 & ₹ 12,84,715/- | તમામ આવાસીય સંપત્તિ ફ્લેટ નં. એ-૧, ગ્રાઉન્ડ ફ્લોર, છબી એપાર્ટમેન્ટ, ગાયત્રી મંદિર નજીક, સંગીતા સોસાયટી નજીક, રાણીપ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૩. સીમાઓઃ ફ્લેટ નં. એ-૨, પશ્ચિમેઃ માર્જીન એરિયા, ઉત્તરેઃ માર્જીન એરિયા, દક્ષિણેઃ પાર્કિંગ એરિયા | Rs. 27,00,000/- | Rs. 2,70,000/- | ફિઝિકલ |

૧) ઉપર આપેલ શાખાના સરનામે કેવાયસી સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટના ડીડી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) જમા કરાવવાની અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની છેલ્લી તારીખ ૧૬-૧૨-૨૦૨૫ના સાંજના ૦૫.૦૦ સુધી છે. ભર્યા વગરના ટેન્ડર ફોર્મ કે છેલ્લી તારીખ પછી આવેલ ટેન્ડર ફોર્મ અમાન્ય ગણાશે અને એ રીતે અસ્વીકાર્ય બનશે. ઈએમડી પર કોઈ વ્યાજ નહીં અપાય.
૨)https://bankeauctions.com પર બીડ/ ઓફર ખોલવાની (હરાજીની) તારીખ ૧૭-૧૨-૨૦૨૫ના રોજ બપોરે ૦૩.૦૦થી ૦૪.૦૦ દરમિયાન છે.
૩)ઉપર જણાવ્યા મુજબની મિલકત પર કોઈ જવાબદારીઓ બાકી હશે તે માટે એએચએફએલ જવાબદાર નથી. મિલકતની 'જયાં છે, જેમ છે, જે છે તે છે અને જે કાંઈ છે' તેના આધારે હરાજી થશે.
૪)ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.'ના નામે જ કઢાવવો.
૫) હરાજી બીડિંગ વેબસાઈટ https://bankeauctions.com પર માત્ર ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બીડિંગથી થશે. બીડરોને સલાહ છે કે ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ જોઈ જવી.
૬) ઈચ્છુક બીડરોએ તેમના નામ પોર્ટલ મે. સી૧ઈન્ડિયા પ્રા.લિ. પર લિંક https://bankeauctions.com/ registration/signup દ્વારા નોંધાવવાના રહેશે અને તેમના યુઝર આઈડી અને પાસવર્ડ નિઃશુલ્ક મેળવી લેવા. ઈચ્છુક બીડરો સર્વિસ પ્રોવાઈડર મે. સી ૧ ઈન્ડિયા પ્રા.લિ. પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી માટે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
૭) વધુ વિગતો માટે સંપર્ક કરવોઃ આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી પંડિત પ્રદિપ પચોલી, સંપર્ક નં.૯૧૧૧૧૩૧૧૨૨ નો અથવા સર્વિસ પ્રોવાઈડર મે. સી ૧ ઈન્ડિયા પ્રા.લિ., શ્રી પ્રભાકરન,મોબાઈલનં.+૯૧૭૪૧૮૨-૮૧૭૦૯, ઈમેઈલ:tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +૯૧૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬. જે તે તારીખે એએચએફએલ/ એએચએફએલના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો સિક્યોર્ડ અસ્ક્યામતોના વેચાણ, તબદિલ અને/અથવા નિકાલ કરવા સામે કોઈ મનાઈહુકમ અને/અથવા કોર્ટની આજ્ઞા નથી.
૮. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરી આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ), સિક્યોર્ડ લેણદારની વેબસાઈટ એટલે કે www.aadharhousing.com પર આપેલ લિંક જુઓ.
૯. હરાજી માટે બીડમાં વધારો કરવાની રકમ રૂ.૧૦,૦૦૦/-છે.
૧૦. આ અખબારી પ્રકાશન અને અહીં આપેલ માહિતી જાહેર જનતા માટે પ્રસાર માટે છે. આ વિગતોનું કોઈ પુનઃઉત્પાદન, વિતરણ, સંક્રમણ અથવા પુનઃ પ્રકાશન, આખું કે આંશિક, કોઈ પણ સ્વરૂપે કે કોઈ પણ સાધનો વડે, ચાહે પ્રિન્ટ, ડિજિટલ, કોઈ રીતે ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેઈલ કે વેબ પ્રકાશનો કે અન્ય કોઈ રીતે કોઈ પણ માધ્યમથી કરવા સામે સખત મનાઈ છે. ઉપરની માહિતીનો બિનઅધિકૃત ઉપયોગ કોઈ પણ માધ્યમથી થશે તો એએચએફએલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થળઃ ગુજરાત
તા.૧૨-૧૧-૨૦૨૫

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ



## આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ADITYA BIRLA CAPITAL — PROTECTING INVESTING FINANCING ADVISING

રજિસ્ટર્ડ ઓફિસ- ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬
શાખા ઓફિસઃ ઓફિસ નં. ૩૧૧ અને ૩૧૫, ૩જે માળે, સી વિંગ, પુષ્કર બિઝનેસ પાર્ક, ચિરાગ ડાયમન્ડ એસ્ટેટ પાસે, લાલ બહાદુર શાસ્ત્રી રોડ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૦૨.

એપેન્ડિક્સ-૪ (જુઓ ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨નો નિયમ ૮ (૧))

**કબજા નોટિસ (સ્થાવર સંપત્તિ માટે)**

નીચે સહી કરનાર આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨), સેક્શન ૧૩(૧૨)ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ તા.૨૧-૦૮-૨૦૨૫ના રોજ દેવાદારો નરેશભાઈ દેવજીભઆઈ પ્રજાપતિ અને રેણિકાબેન નરેશભાઈ પ્રજાપતિને નોટિસમાં જણાવેલ રકમ રૂ.૩૨,૮૪,૧૨૮/- (અંકે રૂપિયા બત્રીસ લાખ અઠ્યાસી હજાર એકસો અઠયાવીસ પૂરા) આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ.
દેવાદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, દેવાદારો તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ (૪) અને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારો હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો આ વર્ષ ૨૦૨૫ના નવેમ્બર માસની ૧૦મી તારીખે કબજો લીધો છે.
દેવાદારોને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ રૂ.૩૨,૮૪,૧૨૮/- (અંકે રૂપિયા બત્રીસ લાખ અઠ્યાસી હજાર એકસો અઠયાવીસ પૂરા)તેના વ્યાજસહિતની રકમ સાથે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડને એના ચાર્જને અધીન રહેશે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન ૮નીજોગવાઈ તરફ દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ આવાસીય સંપત્તિ યુનિટ નં. ૮, ક્ષેત્રફળ ૯૫.૩૬ સ્કવેર મીટર બિલ્ટ અપ એરિયા. માંગલ્ય ડુપ્લેક્ષ બિનખેતી લાયક જમીન ટી.પી. સ્કિમ નં. ૮૪, ફાઈનલ પ્લોટ નં. ૫૩/૨, વટવા સીમ સર્વે નં. ૧૨૧૩/૨, ૧૨૧૪/૨, સ્થિત મોજે વટવા, તાલુકા વટવા, રજીસ્ટ્રેશન જીલ્લા અમદાવાદ અને સબ જીલ્લા અમદાવાદ-૧૧ (અસલાલી), ગુજરાત. સીમાઓઃ પૂર્વેઃ યુનિટ નં. ૯, પશ્ચિમેઃ યુનિટ નં. ૭, ઉત્તરેઃ કોર્પોરેશનનો ખુલ્લો પ્લોટ દક્ષિણેઃ સોસાયટીનો ખાનગી રસ્તો.

તા. ૧૦.૧૧.૨૦૨૫
સ્થળઃ અમદાવાદ

અધિકૃત અધિકારી
આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ


# શેરબજારમાં તેજીની આગેકૂચ: સેન્સેકસમાં ૩૩૫ પોઈન્ટનો ઉછાળો

રાજકોટ તા.૧૧

મુંબઈ શેરબજારમાં આજે તેજીનો માહોલ હતો. બેતરફી વધઘટ બાદ માર્કેટ ગ્રીનઝોનમાં આવી ગયુ હતું. સેન્સેકસમાં ૨૦૦ પોઈન્ટનો ઉછાળો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થયા બાદ વેચવાલીનો મારો આવતા ધડાધડ નીચે ઉતરવા લાગ્યુ હતું. બપોરે ફરી નીચા ભાવે લેવાલી નિકળતા તેજીનો વળાંક આવી ગયો હતો. ભારત સામે ટુંકમાં ટ્રેડડીલ થઈ જવાના અને ટેરિફ ઘટવાના અમેરિકન પ્રમુખ ટ્રમ્પના સંકેતથી રાહત હતી. જો કે દિલ્હીમાં બ્લાસ્ટ બાદ ફરી પાકિસ્તાન સાથે તનાવ સર્જાવાની ભીતિથી ખચકાટ હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે કોઈ એકતરફી ટ્રેન્ડ માટે મોટુ કારણ જરૂરી છે. અન્યથા અનિશ્ચિત માહોલ યથાવત રહી શકે છે.

શેરબજારમાં આજે વોડાફોન, ભેલ, એચએફસીએલ, નેલ્કો, ભારતી એરટેલ, ઈન્ફોસીસ, સુઝલોન, ક્રાફટસમેન, શ્રી અધિકારી, ઝુ આરી એગ્રો જેવા શેરો ઉંચકાયા હતા. બજાજ ફાઈનાન્સ, બજાજ ફીનસર્વિસ, બ્રિટાનીયા, હુડકો, યસ બેંક, ટ્રાન્સફોર્મર, શેફાયર ફુડ, ગોદરેજ એગ્રોમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૨૦૩ પોઈન્ટના ઉછાળાથી ૮૩૭૩૮ હતો તે ઉંચામાં ૮૩૮૦૩ તથા નીચામાં ૮૩૧૨૪ હતો. નિફટી ૭૮ પોઈન્ટ વધીને ૨૫૬૫૨ હતો તે ઉંચામાં ૨૫૬૭૨ તથા નીચામાં ૨૫૪૪૯ હતો.

# ફરી તેજીની રફતાર: સોનામાં વધુ રૂા.૧૮૦૦ તથા ચાંદીમાં ૨૦૦૦ નો ઉછાળો

રાજકોટ તા.૧૧

સોના-ચાંદીમાં દિવાળી બાદ એકાદ પખવાડીયા સુધી ભાવમાં રાહત હતી પરંતુ બે દિવસથી ફરી તેજીની રફતાર પકડી હોય તેમ ભાવ ઉછળવા લાગ્યા છે.સોનામાં આજે વધુ રૂા.૧૮૦૦ તથા ચાંદીમાં ૨૦૦૦ નો ઉછાળો નોંધાયો હતો.

રાજકોટમાં આજે હાજર સોનું વધીને ૧૨૮૧૦૦ થયુ હતું. વિશ્વ બજારમાં તે ૪૧૩૬ ડોલર હતું. કોમોડીટી એકસચેંજમાં ૧૨૪૯૩૮ હતું.

હાજર ચાંદી ૨૦૦૦ રૂપિયાના ઉછાળાથી ૧૫૮૪૦૦ હતી. વિશ્વ બજારમાં ૫૦.૭૨ ડોલર તથા કોમોડીટી એકસચેંજમાં ૧૫૪૮૨૫ હતી.

સોના તથા ચાંદીમાં વાયદા અને હાજરનો ભાવ તફાવત લગભગ એક સમાન થવા લાગ્યો છે. વૈશ્વિક ઘટનાક્રમો, અમેરિકામાં શટડાઉન ખતમ થવા જેવા કારણોથી નવી તેજીના મંડાણ થયાનું માનવામાં આવે છે.

ઝવેરીઓનાં કહેવા પ્રમાણે લગ્ન સિઝન શરૂ થઈ છે અને કેટલાંક દિવસોથી ભાવ થોડા નીચા આવતા હોવાથી ખરીદી સારી દેખાવા લાગી છે.ત્યાં ફરી ભાવ ઉછળતા ગ્રાહકોનાં સેન્ટીમેન્ટ પર અસર થવાની ભીતિ છે. સોનામાં માત્ર બે જ દિવસમાં ૪૦૦૦ રૂપિયા તથા ચાંદીમાં ૬૦૦૦ થી વધુનો ઉછાળો આવી ગયો છે.


## M&B ENGINEERING LIMITED

M&B ENGINEERING

**Registered Office:** MB House, 51 Chandrodaya Society, Opp. Golden Triangle, Stadium Road, Post Navjivan, Ahmedabad - 380014.
**CIN:** L45200GJ1981PLC004437 | **Phone:** +91 79264 61314 | **Website:** www.mbel.in | **Email:** info@mbel.in

**EXTRACT OF UNAUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER & HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2025**

(₹ in lakh except for Earnings per share data)

| Particulars | Standalone | | | | | | Consolidated | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Quarter ended on 30-09-2025 (Unaudited) | Quarter ended on 30-06-2025 (Unaudited) | Quarter ended on 30-09-2024 (Unaudited) | Half Year ended on 30-09-2025 (Unaudited) | Half Year ended on 30-09-2024 (Unaudited) | Previous Year ended on 31-03-2025 (Audited) | Quarter ended on 30-09-2025 (Unaudited) | Quarter ended on 30-06-2025 (Unaudited) | Quarter ended on 30-09-2024 (Unaudited) | Half Year ended on 30-09-2025 (Unaudited) | Half Year ended on 30-09-2024 (Unaudited) | Previous Year ended on 31-03-2025 (Audited) |
| Revenue from operations (Net) | 26,019.81 | 22,832.91 | 18,174.46 | 48,852.72 | 32,411.23 | 90,915.69 | 30,685.35 | 23,765.23 | 20,657.54 | 54,450.58 | 34,679.13 | 98,855.43 |
| Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 2,393.23 | 2,024.25 | 3,035.47 | 4,417.48 | 3,999.17 | 9,854.10 | 2,877.08 | 2,443.13 | 3,230.25 | 5,320.23 | 4,155.32 | 10,223.61 |
| Net Profit for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 2,393.23 | 2,024.25 | 3,035.47 | 4,417.48 | 3,999.17 | 9,854.10 | 2,877.08 | 2,443.13 | 3,230.25 | 5,320.23 | 4,155.32 | 10,223.61 |
| Net Profit for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 1,842.23 | 1,525.82 | 2,241.92 | 3,368.05 | 2,979.42 | 7,400.75 | 2,219.83 | 1,794.78 | 2,386.22 | 4,014.63 | 3,080.09 | 7,704.75 |
| Total Comprehensive Income for the period | 1,847.92 | 1,566.59 | 2,218.03 | 3,414.52 | 2,928.89 | 7,294.19 | 2,222.54 | 1,834.38 | 2,362.33 | 4,056.94 | 3,029.56 | 7,598.19 |
| Equity Share Capital | 5,714.82 | 5,000.00 | 5,000.00 | 5,714.82 | 5,000.00 | 5,000.00 | 5,714.82 | 5,000.00 | 5,000.00 | 5,714.82 | 5,000.00 | 5,000.00 |
| Earnings Per Share (after extraordinary items) (Face value of ₹ 10/- each) (for continuing and discontinued operations) (not annualised for the quarter) Basic & Diluted | 3.38 | 3.05 | 4.48 | 6.44 | 5.96 | 14.8 | 4.07 | 3.59 | 4.77 | 7.68 | 6.16 | 15.41 |

**NOTES :**
1 The above is an extract of the detailed format of Quarterly & Half Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2 The full format of Quarterly Financial Results is available on the website of Stock Exchanges viz. www.bseindia.com and www.nseindia.com and also on Company website viz. www.mbel.in and can also be accessed by scanning below Quick Response Code below:

**Date:** 11th November, 2025
**Place:** Ahmedabad

For M & B ENGINEERING LIMITED
Sd/-
CHIRAG HASMUKHBHAI PATEL
JOINT MANAGING DIRECTOR
(DIN: 00260514)